જાવક-૨ | ૧૦+૨

નંબર :- ૧૦૪
તારીખ :- ૨૩/૧/૧૪
પી.એ.કાર્યાલય

**તાકીદનું**
**સમય મર્યાદા**

ક્રમાંક : બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ
શિક્ષણ વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૮ /૦૧/૨૦૧૮

પ્રતિ,
શ્રી જે. ડી. દેસાઇ (IAS)
નિયામકશ્રી,શાળાઓ,
શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય :-** ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નિમણૂંક આપવાને બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તારીખ ૨૧/૮/૨૦૧૭ના ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક ની નકલ મોકલી આપતાં જણાવવાનું કે સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક ના ફકરા ક્રમાંક - ૭ની જોગવાઇમાં ફેરફાર કરી તેના સ્થાને નીચે મુજબ જોગવાઇ કરવામાં આવે છે.

" આ યોજના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર રાજ્ય સેવા તથા પંચાયત સેવાના કર્મચારીઓ ઉપરાંત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થામાં અગાઉ સરકારશ્રીની મંજુરીથી રહેમરાહે નીતિનો અમલ કરવામાં આવેલ હોય તેવી અનુદાનિત સંસ્થાઓના અને ત્યારબાદ ઉચ્ચક સહાય ચુકવવા બાબતની નીતિનો સરકારની મંજુરીથી અમલ કરવામાં આવતો હોય તેવી સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત જગ્યા ઉપર ફરજ બજાવતા કર્મચારીના પગાર ભથ્થા માટે અનુદાન આપવામાં આવતું હોય તેવા વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કિસ્સામાં તેના આશ્રિત કુટુંબને પણ સમાન રીતે લાગુ પડશે."

આમ, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૧/૮/૨૦૧૭ના ઉક્ત ઠરાવની જોગવાઇઓ રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં પણ આપોઆપ લાગુ પડે છે. આ બાબત ધ્યાને લઇ રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને પણ સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૧/૮/૨૦૧૭ના ઠરાવની જોગવાઇઓ અને શરતો ધ્યાને લઇ પ્રવર્તમાન દરે ઉચ્ચક રોકડ સહાય મળવાપાત્ર બને છે.

(પાછળ જુવો)